**<u>બાયડના મહે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.</u>**

**<u>મુ.બાયડ.</u>**

<u>ફો.કેસ નં.386/2026</u>

<u>આંક :- ૦૧ લગત હુકમ...</u>

**<u>-હુકમ-</u>**

૧. ફરીયાદ કરનાર કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોક્ત ગુના અંગેનું ચાર્જશીટ કરેલ છે.

૨. ત્યારબાદ આ કામના આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલ આપી આરોપી સામે તહોમતનામું ફરમાવી તેમની પ્લી લેતાં તેમને ગુનો કબુલ કર્યાનું સ્વૈચ્છાએ સ્વીકાર કરી ગુના કબુલાતની પુરસીસ આપી જણાવોલ છે કે, તેઓને ઓછી સજા અને દંડ કરવા પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવી ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

૩. આરોપી સામે **<u>પ્રોહી એકટની કલમ-૬૫ એ.એ. 98(2)</u>** મુજબના ગુનાનુ તહોમત છે. આ ગુનાની ટ્રાયલ માટે હાલના સરકારી અમલદાર તથા અધિકારીઓ તેમજ, પંચો તથા અન્ય સાહેદોને જો તપાસ્યા બાદ જો વાજબી શંકાથી પર પુરાવા રેકર્ડ પર આવે તો આરોપીને સજા થઈ શકે તેમ છે. વર્તમાન સમયમાં કોર્ચમાં નવા દાખલ થતાં કેસો અને અન્ય કામગીરીનું ભારણ ધ્યાને લેતા ટુંકા સમયમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવીને પુરી કરવી સંભવી શકે તેમ નથી, ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતાં હાલના આરોપીને મહત્તમ સજા અથવા દાખલારૂપ સજા કરવામાં આવે તો આરોપીના કુટુંબ પરીવારને નુકશાન થાય અને આરોપીના કસુરની સજા તેના પરીવારને ભોગવવી પડે તેમ છે. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવોલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની/મોટી ઉંમરનો ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબનો કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગરીબ પરિસ્થિતિને લીધે બચાવ કરવા કક્ષમ નથી. તેમજ ગુનો કર્યાનો અફસોસ કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. જેથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભો ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનું છું.

૪. **<u>નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.અલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર</u>**નાં કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, <u>જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે.</u> અને સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા ૨૧માં જે કારણો જણાવેલ છે

તે ધ્યાને લેતાં ઉપરોક્ત ચુકાદા આપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે તેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ સ્પષ્ટપણે માનું છું અને સજા અંગે વિ. એ.પી.પી.શ્રી તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–હુકમ–**

આ કામના આરોપીને **બી.એન.એસ.એસ. ની કલમ–૨૬૪** અન્વયે **પ્રોહી. ધારાની કલમ–૬૫ એ.એ.,૧૧૬(2)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સદર ગુનામાં કુલ **રૂા.૨૦૦/– અંકે રૂપિયા બસો પુરા**નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.

જો આરોપી ઉપરોક્ત ગુનામાં દંડ ન ભરે તો દરેક ગુનામાં **દિન–૦૧** લેખે સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય તો તે દિવસો બી.એન.એસ.એસ. ની કલમ–૪૨૮ મુજબ બાદ આપવા.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમયબાદ ધારા–ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ – ૧૪મી, માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સિટીંગમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.**

**બાયડ**

**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(વિજય ચંદુલાલ મકવાણા)**
**એડીશ્નલ ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ**
**બાયડ**
**જીજે ૦૦૯૯૭**

**દંડના રૂા.૨૦૦/– અંકે રૂપિયા બસો પુરા**
**પા.નંબર – ............થી જમા લીધા.**
**તા.૧૪/૦૩/૨૦૨૬**
**નાઝર**